# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન-૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯/૩૦૭ તા.૧૯/૦૮/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત ૨૯ ઓગષ્ટને (સ્પોર્ટસ ડે) ઉજવવા બાબત

સંદર્ભ : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતનાં પત્રાંક એસએજી/ખેમકું-૧૯/૨૦૧૯-૨૦, તા.૧૬/૦૮/૨૦૧૯

રાજયમાં ખેલ-વાતાવરણનું નિર્માણ થાય, સ્વાસ્થય જાગૃતિ અને રમત ક્ષેત્રે પ્રતિભા શોધના ઉમદા આશય સાથે પ્રતિ વર્ષે સમગ્ર રાજયમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રમતોત્સવ-ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે

ખેલ મહાકુંભ-૨૦૧૯નું રજીસ્ટ્રેશન તા.૩૧/૦૮/૨૦૧૯ સુધી થનાર છે

ખેલ મહાકુંભનો રાજયમાં બહોળો પ્રચાર-પ્રસાર થાય અને વધુમાં વધુ ખેલાડીઓ રજીસ્ટ્રેશન કરાવે તેમજ ભાગ લે તે ઈચ્છનીય છે. જે ખેલાડીઓ ભાગ લે છે તે રજીસ્ટ્રેશન કરાવે છે તદઉપરાંત શાળાના અન્ય ખેલાડીઓ પણ રજીસ્ટ્રેશન કરાવે અને ભાગ લે તે જરૂરી છે.

૨૯, ઓગષ્ટના રોજ હોકીના જાદુગર ધ્યાનચંદના જન્મદિનને ભારતમાં "નેશનલ સ્પોર્ટસ ડે" તરીકે ઉજવવામાં આવે છે. ખેલ મહાકુંભ પૂર્વે આ દિવસને તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં રમતગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે અને વિધાર્થીઓમાં તેમજ આમજનતામાં ખેલકુદ અંગે જાગૃતિ કેળવાય તે માટે સ્પોર્ટ્સ ડે ઉજવવાનો ઉચિત અને ઈચ્છનિય છે.

આ દિવસ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓમાં નીચે મુજબઆયોજન કરવાનું રહેશે

<u>પ્રાથમિક શાળા</u>

- અંડર-૯ માં ૩૦ મી દોડ,
- અંડર-૧૧ માં ૫૦ મી દોડ,
- અંડર-૧૪માં ૧૦૦ મી. દોડ, કબડ્ડી, ખોખો તથા ખેલમહાકુંભની અન્ય અનુકુળ/પ્રચલિત રમતોની સ્પર્ધાઓનું આયોજન કરી સ્પોર્ટસ ડે ઉજવવાનો રહેશે

Scanned by CamScanner

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

➢ અંડર-૧૭માં ૧૦૦ મી. દોડ, કબડ્ડી, ખોખો તથા ખેલમહાકુંભની અન્ય અનુકુળ/પ્રચલિત રમતોની સ્પર્ધાઓનું આયોજન કરી સ્પોર્ટસ ડે ઉજવવાનો રહેશે.

આ ઉપરાંત, શાળાકક્ષાએ અંડર-૧૪ અને અંડર-૧૭ અને ઓપન એજ ગ્રુપની વયજુથમાં ખેલમહાકુંભની ઓછામાં ઓછી એક રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

➢ ભાગ લેતા તમામ ખેલાડીઓનું ખેલ મહાકુંભમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ભાગ લેનાર તમામ ખેલાડીઓને ખેલ મહાકુંભમાં પાર્ટીશીપેશન ગણાશે.

➢ શાળાઓમાં પ્રશ્નોતરી, વકૃત્વ સ્પર્ધા, સ્વ.ધ્યાનચંદ વિશેની માહિતી વગેરે જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજી શકાય.

ઉપરોક્ત આયોજનનો અહેવાલ નીચે પ્રમાણે અત્રેની કચેરીને મોકલવાનો રહેશે.

| શાળાનું નામ | તાલુકો | સ્પોર્ટ્સ ડેમાં ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા | | | ભાગ લિધેલ ખેલાડીઓ પૈકી રજીસ્ટ્રેશન કરાવેલ ખેલાડીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વય જુથ | કુમાર | કન્યા | વય જુથ | કુમાર | કન્યા |
| | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના અમલવારી સારૂ:
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી, સદર કચેરી

Scanned by CamScanner